
એલન જે અને ભૂગર્ભ રેલરોડ



માર્લિન ટાર્ગ બ્રીલ

ચિત્ર: જેનિસ લી પોર્ટર

એલન જે અને ભૂગર્ભ રેલરોડ

માર્લિન ટાર્ગ બ્રીલ
ચિત્ર: જેનિસ લી પોર્ટર



લેખક ની નોંધ

એલન જે અને એનો પરિવાર 1840 ના દશકમાં રેન્ડોલ્ફ, ઓહિયોમાં રહેતો હતો. જે પરિવાર સોસાયટી ઓફ ફ્રેન્ડ્સ અથવા કવેકર્સ નામના એક ધાર્મિક સમૂહ સાથે સંબંધ ધરાવતો હતો. ફ્રેન્ડ્સ બધા લોકોની સમાનતામાં વિશ્વાસ કરતા હતા. એટલે એ બધા એક જેવા સરખા કપડાં પહેરતા હતા અને બધાને "શ્રીમાન" કહીને સંબોધિત કરતા હતા, એ અજાણ્યો હોય કે મિત્ર.

દુઃખની વાત છે કે દક્ષિણી સંયુક્ત રાજ્ય અમેરિકામાં રહેવાવાળા અધિકાંશ આફ્રિકી અમેરિકનો સાથે સમાન વ્યવહાર કરવામાં આવતો ન હતો. એ લોકો ગુલામ હતા. ગુલામ આખો દિવસ પગાર વગર કામ કરતા હતા. માલિક ગુલામો સાથે જાનવરો જેવું વર્તન કરતો હતો. જયારે ગુલામ ભાગી જતા, તો એને પકડવામાં આવતા હતા અને દંડ કરવામાં આવતો હતો. ઘણી વાર એમને રિબાવીને મારી નાખવામાં આવતા હતા. ગુલામોને ભાગવામાં મદદ કરવાવાળા લોકોને પણ સજા કરવામાં આવતી હતી.

એલનના માતા-પિતા, ઈઝહાક અને રોડા જે, કામ ખતરનાક હોવા છતાં પણ ગુલામોને ભાગવામાં મદદ કરતા હતા. જે, ભૂગર્ભ રેલરોડ નામના એક ગુપ્ત સમૂહના સદસ્ય હતા.

ભૂગર્ભ રેલરોડ સાથે કામ કરનારા લોકો ભાગેડુ ગુલામોને એના કોઠાર, કાતરીયા, ગુપ્ત રૂમોમાં છુપાવતા હતા. એ ભાગેડુને એક સુરક્ષિત સ્થાન થી બીજા સુરક્ષિત સ્થાન સુધી લઈ જતા હતા. ભાગેડુ પગે ચાલીને, વેગન અથવા ઘોડા પર સવાર થઈને ગુપ્ત માર્ગોથી અંતે કેનેડા પહોંચતા હતા. ત્યાં કાનૂની રીતે બધા સાથે સરખો વ્યવહાર કરવામાં આવતો હતો.

જે બીજાને જણાવતો ન હતો કે એ શું કરે છે - ત્યાં સુધી કે એના બાળકોને પણ નહીં. અગિયાર વર્ષનો એલન એ જાણતો હતો કે એના માતા-પિતા રહસ્યમય રીતે પ્રકટ થતા કાળા અજનબીઓને ખાવાનું આપતા હતા અને એને છુપાવતાં હતા. પણ એ ગુલામી વિષે એનાથી વધારે કંઈ જાણતો ન હતો - જ્યાં સુધી એનો સામનો એક ભાગેડુ સાથે ન થયો.




જુલાઈ 1, 1842

એલને છેલ્લું શર્ટ દોરી પર લટકાવ્યું. એની માઁ બહુ બીમાર હતી અને એ ભારે કામ કરી શકતી ન હતી. એટલે આ કામ એના સૌથી મોટા દીકરાને સોંપવામાં આવ્યું હતું. દર સોમવારે એલન કપડાં ધોતો, ઉકાળતો, સ્ટાર્ચ કરતો અને એને સૂકવવા બહાર લટકાવતો હતો. એ પછી એ રમવા માટે સ્વતંત્ર હતો.


આજે બપોરે એલન માછલી
પકડવા માટે દોરી-કાંટો લેવા
કોઠાર તરફ ગયો. જેવો એ
સામેનો વાડો પાર કરી રહ્યો
હતો, એણે જોયું કે એક ઘોડો
સડક પર જે ફાર્મ તરફ
ઝડપથી આવી રહ્યો હતો.
થોડી સેકન્ડમાં પરિવાર નો
ડોક્ટર સામેના ગેટ પર
આવીને ઉભો રહ્યો.



"મિત્ર જે! મિત્ર જે!"
ડોકટરે બૂમ પાડી.
એલન ના પિતા
કોઠારમાં થી બહાર
આવ્યા અને ઝડપથી
ગેટ તરફ ચાલ્યા. "શું
આજે તમારા ઘોડા ને
પાંખો આવી છે?"
ઈઝહાકે કહ્યું. "લાગે છે
તું બહુ જલ્દીમાં છે."



ડોક્ટર ઈંઝહાક તરફ ઝૂક્યો. "એક ભાગેડુ ગુલામ જંગલમાં સંતાયો છે," ડોકટરે ધીમા અવાજે કહ્યું.



"ગુલામનો માલિક અને એના માણસો પાછળ-પાછળ આવી રહ્યા છે, અને એની પાસે બંદુકો છે," ડોકટરે ચેતવણીના સૂરમાં કહ્યું. ડોકટરે ઈંઝહાક નો ખભો પકડયો અને કહ્યું, "સાવધાન રહેજે, મારા મિત્ર." એલનના પિતાએ માથું હલાવ્યું. ડોકટરે એનો ઘોડો ફેરવ્યો અને ચાલ્યો ગયો. એલન એના પિતા પાસે ગયો. એણે એના ચિંતિત ચહેરા ને જોયો. એલને વિચાર્યું: શું ગુલામનો માલિક આવીને એના પિતાને ગોળી મારી દેશે? એને અન્ય કવેકર્સ ની વાત પણ યાદ આવી જેણે ભાગેડુને મદદ કરી હતી. થોડા કવેકર્સ ને પીટવામાં આવ્યા હતા. બીજાના ઘર બાળી નાખવામાં આવ્યા હતા.




ઈઝહાક જે એ એના દીકરા તરફ જોયું. "એલન," એના પિતાએ કહ્યું, "તને થોડીવારમાં એક કાળા રંગનો માણસ દેખાશે. એને મોટા અખરોટના ઝાડ ની પાછળ મકાઈના ખેતરમાં લઈ જજે. ત્યાં મકાઈ એટલી ઊંચી છે કે ત્યાં એને સરળતાથી છુપાવી શકાય. પણ જો તું એવું કરે છે, તો મને કે બીજા કોઈને એના વિષે કંઈ પણ જણાવતો નહીં." ઈઝહાક પાછળ ફર્યો અને કોઠારમાં ચાલ્યો ગયો.

એલન સમજી શકતો ન હતો કે હવે એણે શું કરવાનું છે? ત્યાં એક તડતડ અવાજે એલનના વિચારોમાં વિઘ્ન નાખ્યું. એણે જોયું કે કોઈ ઝાડ અને ઝાડીઓ ની વચ્ચે થી આગળ વધી રહ્યું હતું. એલન ચુપચાપ અવાજ તરફ ચાલ્યો. સુક્કા પાંદડાનો ખખડાટ બંધ થઈ ગયો.



અચાનક બંદૂકધારી એક માણસ ઝાડીમાં થી બહાર નીકળ્યો. એલને પાછળ કૂદકો માર્યો. બંને કંઈ બોલ્યા વગર એક-બીજાને ઘુરતા રહ્યા. એ માણસના કપડાં ફાટી ગયા હતા અને પગ લોહી થી ખરડાયેલા હતા. એની કાળી ચામડી ચાબુકના મારને લીધે કપાઈ ગઈ હતી અને એમાં ઘા ના નિશાન હતા. "શું તું માસ્ટર જે નો દીકરો છે?" એ માણસે પૂછ્યું. એની આંખો સડક અને ઘર તરફ ચારે બાજુ ઘૂમી રહી હતી. "હા," એલને અચકાતાં અચકાતાં કહ્યું, "હું એલન છું, એનો દીકરો." માણસે એની બંદૂક નીચે કરી.






એલને બોલવા માટે હિમ્મત ભેગી કરી. એને હંમેશા શબ્દો ને સ્પષ્ટ રૂપ થી બોલવામાં તકલીફ થતી હતી. એ માણસ એની વાત સમજે એ બહુ જરૂરી હતું. "મારી પાછળ આવો," એલને ધીમે થી કહ્યું. "પિતાજીએ મને તમને એક છુપાવાની જગ્યા પર લઈ જવાનું કહ્યું છે." "હું સમજી ગયો," માણસે કહ્યું.



એલન એને જંગલ ના કિનારે થી ખેતર ની પાછળ લઈ ગયો. એ મકાઈ ના ખેતરમાં થી ભાગતા સમયે ઝૂકીને ગયા. એલન એ માણસને અખરોટના ઝાડની નીચે એક ખુલી જગ્યામાં લઈ ગયો. "તમે અહીં ચૂપ રહેજો અને બધાની નજરો થી દૂર રહેજો," એલને ધીમા અવાજે કહ્યું. "સમય થતા કોઈ તમને લેવા આવશે."

"મારા પર દયા કરો," માણસે કહ્યું. "મારું નામ હેન્રી જેમ્સ છે. હું પરમ દિવસે ભાગ્યો હતો, અને ત્યારથી મેં કંઈ પણ ખાધું-પીધું નથી." એની આંખો ઉદાસ અને થાકેલી લાગી રહી હતી. એના હોઠ, ગરમીને લીધે ફાટી ગયા હતા.



"હું થોડીવારમાં થોડું ખાવાનું લઈને પાછો આવું છું," એલને કહ્યું. છોકરાએ એ સુનિશ્ચિત કરવા ચારે બાજુ જોયું કે કોઈ અન્ય વ્યક્તિ હેન્રી જેમ્સ ને જોઈ ન શકે. એણે મકાઈ નો એક ડંડો તોડયો અને ચાલતા-ચાલતા એની પાછળ ની માટી માં ઝાડુ લગાવ્યું જેનાથી પગના નિશાન ન રહે. એણે એ પણ સુનિશ્ચિત કર્યું કે બધા મકાઈના ડંડા ઝૂકેલા ન દેખાય. પછી એલન જંગલમાં થઈને ઘર તરફ ભાગ્યો. એ આશા કરી રહ્યો હતો કે એ ગુલામનો માલિક હજી કલાકો દૂર હશે. કારણકે એના પિતાને એ ગુલામ માટે સુરક્ષિત રીતે ભાગવાની યોજના બનાવવા માટે સમય લાગવાનો હતો. કોઠાર પાસે પહોંચતાજ એલન ધીમો પડયો. એને લાગ્યું કે કોઈ એને જોઈ રહ્યું છે.

એલને રસોડાનો દરવાજો ખોલ્યો. મિલ્ટન, વોલ્ટર, અબીજા અને મેરી ટેબલ પર વટાણા છોલી રહ્યા હતા. એની માઁ એની ઝૂલણખુરશી પરથી ઉઠી. "બેસી જા, એલન," એણે શાંત અવાજમાં આદેશ આપ્યો. "મારી પાસે તારે માટે થોડું કામ છે." "પણ માઁ," એલને વિરોધ કર્યો. "ચૂપ રહે, બેટા," માઁ એ કહ્યું. એલન, વોલ્ટરની બાજુમાં બેન્ચ પર બેસી ગયો. "મેરી, કૃપા કરીને થોડી મકાઈ ની રોટી અને બેકન એક ટોકરીમાં મૂકી દે," રોડા જે એ કહ્યું. એલનને આશ્ચર્ય થયું કે એની માઁ ને દિવસના આવા અસાધારણ સમયે ભોજન તૈયાર કરવાનું કોણે કહ્યું હતું. અને એના બધા ભાઈ-બહેન અંદર કેમ હતા?

"મકાઈ ની રોટી કોણ ખાશે?" નાના મિલ્ટને પૂછ્યું. "જે પણ કવેકર આ રસ્તા પરથી પસાર થશે," એની માઁએ સ્મિત કરતા જવાબ આપ્યો.






રોડા જે એ ભરેલી ટોકરી
એલનને આપી. "આ ટોકરી
કોઈ પણ એવી વ્યક્તિને
આપજે જેને ભૂખ લાગી હોય,"
એણે કહ્યું. એલને ટોકરી લીધી
અને સાથે દૂધ નો એક જગ
પણ લીધો. પછી એ જલ્દી
મકાઈ ના ખેતર માં પાછો
ચાલ્યો ગયો.

જયારે એ અખરોટ ના ઝાડ
પાસે પહોંચ્યો, તો એલને
ડાંડી ના તૂટવાનો અવાજ
સાંભળ્યો. ત્યાં એક કાળી
બંદૂક ની નળી મકાઈ વચ્ચે
થી બહાર નીકળી. એલન
અવાચક થઈ ગયો. ક્લિક!
એને ખબર હતી કે બંદૂક
ચલાવવા માટે તૈયાર હતી.




"મહેરબાની કરીને ગોળી નહીં ચલાવતા," છોકરાએ વિનંતી કરી. હેન્રીએ બંદૂક નીચે કરી અને મકાઈને એક બાજુ ધકેલી દીધી. "તેં મને ડરાવી દીધો," હેન્રીએ કંપતા અવાજે કહ્યું. એલને ઊંડો શ્વાસ લીધો અને એ પાસે આવ્યો. "લો, આ ખાઈ લો," પોતે જે લાવ્યો હતો એ બતાવતા એલને કહ્યું. હેન્રીએ જગ પકડયું. એણે એક મોટો ઘૂંટડો ભર્યો. "આ બહુ સરસ છે, માસ્ટર એલન," હેન્રી જેમ્સે આભારવશ કહ્યું. "તમે અહીં ત્યાં સુધી આરામ કરી શકો છો જ્યાં સુધી મારા પિતા તમને લેવા ન આવે. અચ્છા, હવે હું જાઉં છું," એલને કહ્યું.




એલન મકાઈની વચ્ચેથી ખેતરના કિનારે પહોંચ્યો. જંગલમાં થી નીકળતા એને અવાજો સંભળાયા. કોઈ એને જોઈ જાય એ પહેલા એ બળતણના લાકડા પાછળ સંતાઈ ગયો. એલને લાકડાઓની વચ્ચે થી ડોકિયું કરીને જોયું કે ઘોડા પર સવાર છ માણસો એના પિતા ની સામે ઉભા હતા. અજનબીઓ પાસે બંદૂકો હતી.





એક માણસે એના પિતાને કઠોરતા થી પૂછ્યું, "શું તમને ખાતરી છે કે તમે મારા ગુલામ ને ભાગતા જોયો નથી?" ઈઝહાક જે એ એનું માથું હલાવ્યું. "મેં તમને એક વાર કહ્યું કે હું ખોટું નથી બોલતો." ગુલામના માલિકે અવિશ્વાસ નો સુસવાટો કર્યો. "તો અમારે તારા ઘરની ઝડતી લેવી પડશે," માણસે બૂમ પાડી. "તમારું સ્વાગત છે," ઈઝહાક જે એ શાંતિથી કહ્યું. "પણ એ માટે તમારી પાસે જરૂરી કાગળ હોવા જોઈએ." "એમાં તો થોડો સમય લાગશે," માણસે ચીસ પાડી ને કહ્યું. "સવાર સુધી અમે પાછા આવીશું." એણે એના માણસોને કંઇક કહ્યું અને જલ્દીથી ત્યાંથી રવાના થઈ ગયા.




એલને બપોર સુધીમાં એ ભાગેડુ ગુલામ અથવા ખિજાયેલા માણસો વિષે વધારે કંઈ સાંભળ્યું નહીં. અને એણે પૂછવાની હિમ્મત પણ ન કરી. જયારે ઈઝહાક જે રાત્રીના ભોજન માટે અંદર આવ્યા તો એ કંઈ બોલ્યા નહીં. એ રાતે એલનની માઁ એ નાના બાળકોને જલ્દી સૂવા માટે મોકલી દીધા. એલનના પિતા કોઠારમાં ચાલ્યા ગયા. થોડી વાર પછી, એ દરવાજા પર આવ્યા અને એણે એલનને બહાર બોલાવ્યો. જેક, એનો ઘોડો, બગી સાથે બાંધેલો વાડામાં ઉભો હતો. "શું તું તારા દાદાને ઘરે જવા ચાહીશ?" ઈઝહાક જે એ એના દીકરાને પૂછ્યું. "હું તમારી સાથે જઈશ?" એલને મૂંઝાઈને પૂછ્યું.


"ના, આ વખતે તું એકલો જ જઈશ," એના પિતાએ ઉત્તર આપ્યો. એલને પહેલા ક્યારેય અંધારી રાતમાં જંગલમાં થઈને યાત્રા કરી ન હતી. ત્યાં રીંછ, જંગલી જાનવર અને સાપ હતા. અને હવે કદાચ ગુલામ શિકારી પણ હોય. પણ એલન એ સમજી ગયો, કે એના પિતા એની પાસે શું કરાવવા ચાહે છે.



એલનની માઁ બહાર આવ્યા અને
એના પતિની ભુજા પકડી લીધી.
"તમે એને મોકલો નહીં, એ બહુ
જોખમકારક કામ છે." "પણ મારે જવું
જ પડશે, માઁ," એલને કહ્યું. "જો
માલિક અને એના માણસો આજ રાતે
પાછા આવે, તો પિતાજીએ અહીં જ
રહેવું જોઈએ."




"મને તારા પર ગર્વ છે, બેટા,"
ઈઝહાક જે એ કહ્યું. "જો તું કોઈ
એવી વ્યક્તિ ને જાણતો હોય જેને
તારી સાથે જવું જોઈએ, તો સારું
થશે જો તું એને પણ સાથે લઈ જા."







રોડા જે એ એના દીકરાને આલિંગન કર્યું. એલન બગીમાં ચઢી ગયો અને એણે લગામ સંભાળી. "જલ્દી જા, અને મુખ્ય સડક પર જ રહેજે," એના પિતાએ એને ચેતવણી આપી. "તું રાત તારા દાદાના ઘરે વિતાવી શકે છે." એલન બુઢ્ઢા જેકને મકાઈના ખેતરમાં લઈ ગયો. એણે અખરોટ ના ઝાડ પાસે ખેતરના કિનારે બગી રોકી. "હું એલન છું," એ ધીમેથી બોલ્યો. "આપણે ઉતાવળ કરવી જોઈએ." હેન્રી જેમ્સ બગીમાં ચઢ્યો અને એલનના પગ પાસેની જગ્યામાં લપાઈને બેસી ગયો.



થોડા સમયમાં એ ફાર્મહાઉસ ની બારીઓમાંથી આવતી ગરમ રોશનીથી આગળ નીકળી ગયા. ચંદ્ર ની આગળ એક વાદળું આવી ગયું. ઉબડ-ખાબડ રસ્તા પર એમની ચારે બાજુ અંધારું છવાઈ ગયું. એલન કે હેન્રીએ એક શબ્દ પણ ન કહ્યો. શું ગુલામ શિકારી એને પકડવાની કોશિશ કરશે? એલને એ વિચારવાની કોશિશ પણ ન કરી, કારણકે એ બહુ ગભરાયેલો હતો. શું થશે જો હેન્રી એને ગોળી મારી દે જેથી એ બુઢ્ઢા જેક ને ચોરી શકે? એલને બુઢ્ઢા જેક ને વધારે ઝડપથી આગળ વધવા માટે લગામ ખેંચી. એના હાથ ભીના લાગી રહ્યા હતા. એણે એનો નીચલો હોઠ ભીંસ્યો.






"શું તું મારી સાથે છે એટલે ડરી રહ્યો છે?" હેન્રીએ પૂછ્યું. એલન એનો કોઈ જવાબ આપી ન શક્યો. હેન્રીએ કહ્યું, "આ લે, માસ્ટર એલન, તું મારી બંદૂક લઈ લે." "જો તું કોઈ ને આવતા જુએ, તો તરત મને પાછી આપી દેજે. તું ગાડી ચલાવતો રહેજે અને હું તરત બહાર કૂદી જઈશ. હું નથી ઈચ્છતો કે તને કોઈ નુકસાન થાય." હેન્રીએ બંદૂક એલનને આપી. છોકરાએ એનું માથું હલાવ્યું. પણ એ બંદૂક ને અડી ન શક્યો. હેન્રીએ પ્રતિજ્ઞા લીધી, "હું ક્યારેય પાછો નહીં જાઉં. એ ભલે મને મારી નાખે, પણ મેં છેલ્લી વાર ચાબુક નો માર ખાધો છે."

પછી હેન્રીએ એલનને ગુલામી ના કિસ્સા સંભળાવ્યા. હેન્રીએ કેન્ટકીના ખેતરોમાં એનું આખું જીવન કામ કર્યું હતું. એણે એના ભાઈને ઢોર માર ખાતા અને મરતા જોયો હતો.

એની બહેનને દૂર કોઈ બીજા માલિકને વેચી દેવામાં આવી હતી. હવે હેન્રીએ કેનેડામાં આઝાદી મેળવવાનો દ્રઢ નિશ્ચય કરી લીધો હતો. એલનને ખરાબ લાગ્યું કે એણે હેન્રીનો ભરોસો કર્યો ન હતો.





અચાનક એલનને પાંદડાઓ
વચ્ચેથી ખખડાટ સંભળાયો.
એનું શરીર કંપવા લાગ્યું.
એક છાયા બગીની સામેથી
પસાર થઈ.



બુઢ્ઢો જેક એના પાછલા પગ પર ઉભો
થઈ ગયો. એલને એના આંગળા
દુઃખી જાય ત્યાં સુધી લગામ ખેંચેલી
રાખી. ધીમે-ધીમે ઘોડો શાંત થઈ
ગયો.



"શું થયું?" હેન્રીએ ધીમા અવાજે પૂછ્યું. "શું તારે બંદૂકની જરૂર છે?" "ના," એલને ગભરાયેલું કૃત્રિમ હાસ્ય કર્યું. "એ એક બુઢ્ઢું સસલું હતું જે સડક પાર કરી રહ્યું હતું." પણ હેન્રી હસ્યો નહીં.






એલન અને હેન્રીએ દોઢ કલાક થી વધારે સવારી કરી. એલનને દરેક પડછાયામાં ગુલામ શિકારી દેખાતા હતા. એને ઊંઘ આવી રહી હતી. એની પીઠમાં પીડા ઉપડી હતી. એને ભીનાશવાળી રાતમાં ઠંડી લાગી રહી હતી. અને એ ડરથી કંટાળી ગયો હતો.

આખરે, એલને એક
રોશની જોઈ. એ એક
કેબિનમાં થી આવી રહી
હતી - દાદાજી જે ની
કેબિનમાં થી.



એલન બગીમાં થી કૂદ્યો અને એણે હેન્રી ને બહાર નીકળવામાં મદદ કરી. એલને દરવાજો ખટખટાવ્યો. દાદાજીએ એના રાત્રીના પોશાકમાં એમનું અભિવાદન કર્યું. દાદાજી જે ને નવાઈ લાગી હતી, પણ એને ખબર હતી કે શું કરવાનું છે. "તમે બંને જલ્દી થી અંદર જાઓ," દાદાજી જે એ કહ્યું. "એલન, તું તારા કાકા લેવી ને જગાવ."

એલને એવું જ કર્યું જે એને કહેવામાં આવ્યું હતું. કાકા લેવીએ કપડાં પહેર્યા અને એ ઘોડા પલાણવા માટે ગયા. દાદાજીએ હેન્રી માટે કપડામાં થોડું ખાવાનું બાંધ્યું. હેન્રીએ દાદાજી નો આભાર માન્યો અને એની પાછળ ખેતરમાં ના ચોગાનમાં ગયો.



હેન્રી અને લેવીના જવા પહેલા, એલને હેન્રી તરફ એનો હાથ લંબાવ્યો. "તમારી કેનેડા ની યાત્રા સુરક્ષિત થાય," એલને યથાસંભવ સાવધાનીથી કહ્યું. એના શબ્દો મક્કમ અને સ્પષ્ટ હતા. હેન્રી જેમ્સે છોકરાનો હાથ ઝાલ્યો. "હું તને યાદ કરીશ, માસ્ટર જે," એણે એલન સાથે હાથ મિલાવતા કહ્યું. "તું એક બહાદુર છોકરો છે."



ઉપસંહાર

ત્રીસ મિનિટ પછી, હેન્રી અને લેવીએ ઓહિયો ની મર્સર કાઉન્ટીમાં, મુક્ત આફ્રિકી અમેરિકનોના એક મોટા શિબિર માં પ્રવેશ કર્યો. આ વસાહત ભૂગર્ભ રેલરોડમાં, એક મહત્વ નો પડાવ હતી. શિબિરમાં એક પરિવારે હેન્રીને ત્યાં સુધી સંતાડીને રાખ્યો જ્યાં સુધી ઉત્તર તરફ જવાનું સુરક્ષિત ન થયું. થોડા મહિનાની અંદર, જે પરિવારે સાંભળ્યું કે હેન્રી કેનેડા પહોંચી ગયો છે.

એલન મોટો થઈને એક પ્રસિદ્ધ કવેકર પાદરી અને શિક્ષક બન્યો. એ એક પ્રસિદ્ધ વક્તા પણ હતો, અને એનાથી ઘણા લોકોને આશ્ચર્ય પણ થતું હતું. એલનના જન્મ સમયે એના મોઢાના તાળવામાં એક કાણું હતું જેને લીધે ક્યારેક-ક્યારેક એની વાત સમજવામાં મુશ્કેલી થતી હતી. પણ શાંતિ અને પ્રેમના એના શક્તિશાળી શબ્દોને એના ઘણા મિત્રોએ ખજાનાની જેમ સાચવીને રાખ્યા. મોટા થઈને, એલને એના જીવનની કથની અને ભાગેડુ ગુલામની સાથે મુલાકાતની વાત એલન જે ની આત્મકથામાં લખી.

ગૃહયુદ્ધ સમાપ્ત થયા પછી પણ ભૂગર્ભ રેલરોડ કાર્યરત રહ્યું. રાજ્યો વચ્ચે થયેલા યુદ્ધથી અમેરિકામાં ગુલામી પ્રથા સમાપ્ત થઈ ગઈ. ત્યાં સુધી, 60,000 ભાગેડુ ગુલામો ને રેલરોડને લીધે આઝાદી મળી હતી. આ સંખ્યા એ ચાલીસ લાખ લોકો જે ગુલામ હતા એની તૂલનામાં ઘણી ઓછી હતી. પણ ભૂગર્ભ રેલરોડની સફળતાથી એ લોકોને ઊંડો ફટકો પડયો જેને ગુલામી જોતી હતી. યુવાન એલન જે અને અન્ય રેલરોડ સંચાલકોએ સંયુક્ત રાજ્ય અમેરિકાના ઇતિહાસમાં સૌથી ક્રૂર પ્રથાઓમાંથી એક ને સમાપ્ત કરવામાં મદદ કરી હતી.



